# ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ

**મણિનગર (પૂર્વ), અમદાવાદ-380026. • ફોનઃ 079-67775488**


**ક્રમાંક: IITRAM/DC_NH/2021/120** **તારીખ: 15/01/2021**

**કામનુ નામ :** ખોખરા મહેમદાવાદની ટી.પી. સ્કીમ નં ૭માં ફાઇનલ પ્લોટનં ૪૬ની સરકારી ડેન્ટલ કોલેજ પૈકીની ૧૨,૦૦૦ ચો.મી. જમીન પર બાંધકામમાં બાધારૂપ બનતા ૨૯ નંગ ઉભા લીલા નાના-મોટા વૃક્ષોને જળમુળથી દૂર કરવા

**સંદર્ભ: ૧)** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તા. ૨૯/૦૪/૨૦૧૯નો ઠરાવ નં. ૦૩

**૨)** ડાયરેક્ટરશ્રી (પાર્ક એન્ડ ગાર્ડન્સ), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો તા. ૩૦/૦૫/૨૦ નો પત્ર ક્રમાંક ૦૯.

3) રેંજ ફોરેસ્ટ ઓફિસર, અમદાવાદ સીટી રેંજનો તા. ૧૮/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક અ/મહક/૨૧૨/૨૦૧૯-૨૦

## <u>અગત્યની માહિતી</u>

| | |
|---|---|
| **ભાવપત્રક જારી કરવાની તારીખ** | **15/01/2021** |
| **ભાવપત્રક જમા કરવાની અંતિમ તારીખ** | **28/01/2021 (બપોરે 3-00 કલાકે સુધી)** |
| **ભાવપત્રક ખોલવાની તારીખ અને સમય** | **28/01/2021 (બપોરે 4-00 કલાકે)** |
| **ભાવપત્રક ખોલવાનું સ્થળ** | ખોખરા મહેમદાવાદની ટી.પી. સ્કીમ નં. 7નાં ફાઇનલ પ્લોટ નં. 46ની સરકારી સ્વર્ણિમ ડેન્ટલ કોલેજ ખાતેની જમીન, અનુપમ સિનેમા સામે, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ. |
| **ભાવપત્રક મંગાવનાર સત્તાધીશ અને સંસ્થાનું સરનામું** | **રજીસ્ટ્રારશ્રી,** ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૨૬. |

**રજીસ્ટ્રાર**

શ્રીમાન,

**કામની વિગત:** ખોખરા મહેમદાવાદની ટી. પી. સ્કીમ નં. ૭માં ફાઇનલ પ્લોટ નં. ૪૬ની સરકારી ડેન્ટલ કોલેજ પૈકીની ૧૨,૦૦૦ ચો.મી. જમીન પર બાંધકામમાં નડતર રૂપ બનતા વૃક્ષો નંગ ૨૯ને જડમુળથી દૂર કરવા અને તમામ વૃક્ષોના થડ, ડાળી- ડાળખાઓ કાપીને લઈ જવાના ભાવો નીચે મુજબ છે.

| **ક્રમ.** | **વૃક્ષનું નામ** | **વૃક્ષ નંગ** | **અંદાજીત વજન** | **ભાવ/દર (પ્રતિ ૨૦ કીલો)** | **રકમ (રૂ.)** |
|---|---|---|---|---|---|
| ૧ | લીમડો | ૦૬ | | | |
| ૨ | પીપળો | ૨૦ | | | |
| ૩ | વડ | ૦૨ | | | |
| ૪ | ખાટી આંબલી | ૦૧ | | | |
| કુલ | | ૨૯ | | | |

**કોન્ટ્રાક્ટરની સહી/સિક્કો**

- **કામગીરીના સામાન્ય નિયમો અને શરતો:**

1. ભાવપત્રકનાં તમામ પાના ઉપર કોન્ટ્રાક્ટરે શરતો અને બોલીઓ મંજુર છે તે બદલ સહી કરવાની રહેશે.
2. **એક સીલબંધ કવરમાં ભાવપત્રક અને બીજા સીલબંધ કવરમાં ડીપોઝીટની રકમ રૂ. 25,000/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ (રીફન્ડેબલ) જમા કરાવવાનો રહેશે અન્યથા ભરવામાં આવેલ ભાવપત્રકો ધ્યાને લેવાશે નહીં. આમ, દરેક કોન્ટ્રાક્ટરે બે સીલબંધ કવર જમા કરાવવાના રહેશે.**
3. ડીમાન્ડ ડ્રાફ્ટ “Registrar, IITRAM”ના નામનો Payable at Ahmedabad નો બનાવવાનો રહેશે.
4. ખોખરા મહેમદાવાદની ટી.પી. સ્કીમ નં ૭માં ફાઇનલ પ્લોટનં ૪૬ની જમીન પર બાંધકામમાં બાધારૂપ બનતા ૨૯ નંગ ઉભા લીલા નાના–મોટા વૃક્ષોને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જળમુળથી દૂર કરવાની કામગીરીના ભાવો ભરવાના રહેશે.
5. ભાવપત્રક ભરતા પહેલા સ્થળ (સાઇટ) ચકાસણી કરી લેવાની રહેશે, આ માલસામાનના જથ્થા ગણતરી, માપો લેવા, વજન કરવું વગેરે કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કરાવવાનું રહેશે.

6. સ્થળ મુલાકાત રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન સવારે 10-30 થી સાંજે 5-30 દરમ્યાન લઇ શકાશે.

7. ભાવપત્રક ખોલવાની પ્રક્રિયામાં એક જ પ્રતિનિધિને સ્થળ ઉપર પ્રવેશ આપવામાં આવશે. ભાવપત્રકમાં સૌથી ઉંચા ભરવામાં આવેલ ભાવો તળિયાની કિમત ગણવામાં આવશે અને તે મુજબ કોન્ટ્રાક્ટરે ભરવામાં આવેલ ભાવોની રકમના ૫૦% રકમ સ્થળ ઉપર જ જમા કરાવવાની રહેશે.

8. ભાવપત્રકમાં ભરેલ ભાવો પ્રમાણેની બાકી રહેલ ૫૦% રકમ કોન્ટ્રાક્ટરે માલસામાન ખાલી કરતા પહેલા જમા કરાવવાની રહેશે.

9. કોન્ટ્રાક્ટરે રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદ તરફથી જે તે સમયે સુચન અથવા આદેશ આપવામાં આવે તે પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

10. આ કામગીરી કરતી વખતે અથવા તો ઉપલબ્ધ માલસામાન લઇ જતી વખતે સરકારી માલ મિલકતને નુકશાન થશે તો તેને મરામત કરવા અંગેની તમામ જવાબદારી જે તે કોન્ટ્રાકટરની રહેશે. તે અંગે કોઇ ચાર્જ ચૂકવવામાં આવશે નહીં

11. આ કામગીરીનાં તમામ તબક્કે કોઇપણ જાતનાં જાન-માલમાં થયેલ નુકશાનની ભરપાઇ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

12. કોન્ટ્રાક્ટર આ કામગીરી અન્વયેનાં તમામ તબક્કે તમામ કાનૂન નિયમોનું પાલન કરવાનું રહેશે.

13. આ કામગીરી કરતી વખતે આજુબાજુના રહીશો તેમજ તેમના મકાનોને નુકશાન ન થાય તે રીતે ઝાડ કાપવાની તથા લઇ જવાની કામગીરી કરવાની રહેશે.

14. ઝાડ કાપતી વખતે અથવા ડિસમેન્ટલ માલસામાન લઇ જતાં કોઇપણ ઇસમને ઇજા થાય અથવા મૃત્યુ થશે તો તે અંગેના વળતરની સમગ્ર જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

15. સંસ્થા દ્વારા કાર્ય આદેશ મળ્યા બાદ અને સ્થળ ઉપર જે તે માલસામાનની સોંપણી કર્યા બાદ કોઇપણ માલસામાનની ચોરી કે વધઘટ અંગેની જવાબદારી અત્રેની સંસ્થાની રહેશે નહીં.

16. માલસામાન કાઢવા કે ઉપાડવા માટે કોઇપણ પ્રકારના વિસ્ફોટક, જ્વલનશીલ પદાર્થો વાપરવા દેવામાં આવશે નહી.

17. ઉંચા ભરેલ ભાવો ઉપરાંતની રકમ કોન્ટ્રાક્ટર દ્વારા વેચાણ રાખવામાં આવતા માલસામાન માટે નિયમ મુજબ પ્રવર્તમાન દરે GST અન્ય ટેક્ષ કોન્ટ્રાક્ટરે ભરપાઇ કરવાનો રહેશે.

18. કાર્ય આદેશ મળ્યા તારીખથી દિન-૧૪માં કામ પૂરું કરવાનું રહેશે. જો નિયત સમયમાં કામ પૂર્ણ કરવામાં નહીં આવે તો સંસ્થા દ્વારા પ્રત્યેક દિનના રૂપિયા ૧૦૦૦/- પ્રમાણેના દંડની વસૂલાત કરવામાં આવશે.

19. ભાવપત્રક ખોલવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, સૌથી વધુ ભાવો ઓફર કરનાર કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર આપવામાં આવશે અને અન્ય લાયક ઠરેલ કોન્ટ્રાક્ટરોની ડિપોઝીટની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ પરત કરવામાં આવશે.

20. પ્રક્રિયાનાં કોઇપણ તબક્કે સમગ્ર પ્રક્રિયા રદ કરવાનો અધિકાર રજીસ્ટ્રાર, ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદને રહેશે.

21. આ બાબતે કોઇ વિવાદ ઉપસ્થિત થતાં રજીસ્ટ્રારશ્રી, ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદનો નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

22. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

**કોન્ટ્રાક્ટરની સહી/સિક્કો**